## @ગાંધીનગર

● આપણુ ફાઉન્ડેશન દ્વારા સવારે ૭.૦૦ થી ૧.૦૦ કલાક દરમિયાન આદિવાડા, ચરેડી, ફતેહપુરા, ગોકુળપુરા, ઘ-૬, સે-૬/૭, સે-૧૬ અને સે-૨૦ સહિતના વિસ્તારોમાં શ્રમ વર્ગના બાળકો માટે ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાશે.

● વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વન તંત્ર દ્વારા પુનિત વન ખાતે સાંજે ૭.૦૦ કલાકે વાઈલ્ડ લાઈફ અંગે ફિલ્મ શૉ યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા સે-૩-સી દ્વારા સે-૨-ડી, પંચદેવ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૫ બીજા માળે નમ્રતાબેન પટેલના નિવાસસ્થાને બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● નિકી હોસ્પિટલ દ્વારા રવિવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન પ્લોટ નં. ૪૮૪/૨, સે-૨૮/૨૯ના બસ સ્ટેન્ડની પાછળ સે-૨૯ ખાતે કેન્સરના દર્દીઓના લાભાર્થે ફ્રી રકતદાન શિબિર અને નિદાન કેમ્પ યોજાશે. આ ઉપરાંત ડેન્ટલ ચેકઅપનો કેમ્પ યોજાશે.

● નિસર્ગ સાયન્સ સેન્ટર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પ્રાદેશિક કચેરી ગાંધીનગરના સહયોગથી વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન નિબંધ સ્પર્ધા, ફિલ્મ શૉ તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાશે.

# પોલીસની ઓળખ આપી તોડ કરતી ત્રિપુટી પકડાઈ

**વાહન અકસ્માત સર્જાયા બાદ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈની ઓળખ આપી વિદ્યાર્થીને ગોંધી રાખી મોબાઈલો તથા રૂપિયા પડાવી લીધા : ખોટા કેસમાં ફસાવી દેવાનું કહી વિદ્યાર્થીઓના પિતા પાસેથી બીજા ૧૦ હજાર મંગાવ્યા ને અડાલજ પોલીસે પકડી લીધા**

ગાંધીનગર, તા.૪

વૈષ્ણોદેવી સર્કલથી ગાંધીનગર રોડ પર સ્કોર્પીઓ ગાડી લઈને જઈ રહેલા વિદ્યાર્થીને એક સ્વીફટ ગાડી સાથે ટકકર લાગી હતી. સ્વીફટમાંથી ઉતરી ત્રણ શખ્સોએ પોલીસની ઓળખ આપી હતી. ખોટા કેસમાં ફસાવી દેવાની દમદાટી આપી વિદ્યાર્થીને ઉવારસદ લઈ જઈ ગોંધી રાખને મોબાઈલો તથા રોકડા પડાવી લીધા હતા. ત્યારબાદ તેના પિતા પાસે ૧૦ હજાર મંગાવી તોડ કરવાનો પ્લાન ઘડયો હતો. આ ત્રિપુટી ગેંગની અડાલજ પોલીસને ફરિયાદ મળતા ત્રણેય શખ્સોને ડી સ્ટાફની ટીમે દબોચી લીધા છે.

સોલા રહેતો અને અભ્યાસ કરતો ૨૦ વર્ષીય યુવાન મિત કમલેશભાઈ પટેલ તેના બે મિત્રો રાહુલ મિસ્ત્રી અને તીર્થને લઈને ૨૩ મે એ સાંજે વૈષ્ણોદેવી સર્કલથી ગાંધીનગર તરફ સ્કોર્પીયો ગાડી લઈને આવી રહ્યા હતા. તે દરમિયાન આગળ જતી સ્વીફટને પાછળથી સ્કોર્પીઓએ ટકકર મારી હતી. સ્વીફટમાંથી ત્રણ શખ્સો ઉતર્યા અને પોતે ગાયકવાડ હવેલી ક્રાઈમ બ્રાન્ચનો પીએસઆઈ મહાવીરસિંહ દરબાર છે તેવી ઓળખ આપી દમદાટી આપી હતી. જો પૈસા નહી આપો તો દારૂની બે બોટલ મુકી કેસ કરવાની ધમકી આપી સ્વીફટ ચાલકે મીતના બે મોબાઈલ ઝુંટવી લીધા હતા. તેને ઉવારસદ લઈ જઈ ગોંધી રાખ્યો અને તેના પિતાને બોલાવી રૂ. ૨૫ હજાર કઢાવ્યા હતા તે ઉપરાંત મોબાઈલ પાછા મેળવવા રૂ.૧૦ હજાર બીજા માંગ્યા હતા. આ મામલે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પી.આઈ. કે.કે. પંડયાની સુચનાથી ડી સ્ટાફ પીએસઆઈ પી.સી. સરવૈયાની ટીમ આ ત્રિપુટીને પકડવા દોડતી થઈ હતી. એએસઆઈ કાનજીભાઈ, પો.કો. ભરતસિંહ, પદમસિંહ, જયરાજસિંહ મહેન્દ્રસિંહ અને યોગેન્દ્રસિંહની ટીમે મળીને ઉવારસદ રાણજીપુરાના વનરાજ ઉર્ફે બકા કાના ઠાકોરને ૨૮મેએ પકડી પાડયો હતો. ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈની ઓળખ આપનારા મુખ્ય સુત્રધાર શૈલેષ વિષ્ણુ ચુનારા (રહે.સંજયનગર છાપરા)ની ૧લી જુને ધરપકડ કરી લીધી હતી જયારે ગઈ કાલે બાપુનગરના સંજય રમેશ મારવાડી નામના ત્રીજા શખ્સની પણ ધરપકડ કરી કાર્યવાહી શરુ કરવામાં આવી છે.





ગાંધીનગર શહેરના સેકટર-૧૯ નજીક આવેલા ચાર રસ્તા પાસે આજે બપોરના અરસામાં એકટીવા લઈને જતી એક યુવતીને સરકારી કેપીટલ પ્રોજેકટ ડીવીઝનના ટેન્કરની ટકકર વાગતા ઈજાગ્રસ્ત થવા પામી હતી. યુવતીને તાત્કાલીક હોસ્પીટલાઈઝડ કરવામાં આવી હતી. જો કે સદભાગ્યે જાનહાની થવા પામી ન હતી.



પેથાપુર નગરપાલિકાના વોર્ડ નંબર ૪ માં વસાહતીઓ રોડ પર આવેલ ગટરની ચેમ્બર સુધી વાસણ તેમજ કપડા ધોવાની ચોકડી બનાવી રહ્યા છે. જેને પરિણામે રોજ સાંકળો બની જવા પામ્યો છે.રોડ સાંકળો થવાને કારણે વસાહતીઓના ઘરનું લેવલ નીચુ હોવાથી વરસાદી પાણી ઘરમાં ભરાઈ રહે તેવી દહેશત નાગરીકોમાં સેવાઈ રહી છે. ઈમરજન્સી વખતે એમ્બ્યુલન્સ પણ ઘર સુધી પહોંચે નહી તેવી પરિસ્થિતિ ઉભી થઈ રહી છે. ત્યારે તંત્ર દ્વારા માર્ગ વચ્ચે વસાહતીઓ દ્વારા ઉભી કરાયેલ વાસણ તેમજ કપડા ધોવાની ચોકડીઓનું દબાણ દુર કરવામાં આવે તેવું પેથાપુરના ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલ એક દર્દીનું પાકીટ ઓપીડી વિભાગમાં પડી ગયું હતું. આ પાકીટ સિવિલના વર્ગ-૪ કર્મચારીને મળતા કર્મચારીએ પાકીટ સિવિલના એસ.આઈ. પાસે જમા કરાવ્યું હતું.

● ગાંધીનગર શહેરના સે-૧૫ પાસેના જાહેર માર્ગ પર એક યુવાન મૃત હાલતમાં મળી આવ્યો છે. ગરમીને પગલે યુવાનનું મૃત્યુ થયાની આશંકા છે.

● ઉનાળાની ગરમી શરૂ થતા બહારગામથી શેરડીના રસના કોલાવાળા આવે છે ત્યારે હવે સિઝન પૂર્ણ થવાને આરે હોવાથી નગરમાંથી કેટલાક રસના વેપારીઓ વતનની વાટે નીકળી ગયા છે.

● સિવિલ હોસ્પિટલના કેટલાક વિભાગના ટેલિફોન ટેકનીકલ ખામી સર્જાતા બંધ હાલતમાં છે. જેને પગલે સ્ટાફ અને અન્ય નાગરીકોને પણ પરેશાની વેઠવાનો વારો આવ્યો છે.

## અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા પસંદગી મેળાનું આયોજન

ગાંધીનગર, તા.૪

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા આગામી તા. ૭ જુલાઈના રોજ સાંજે ૪.૦૦ કલાકે બાબા સાહેબ આંબેડકર હોલ, સરસપુર અમદાવાદ ખાતે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સમાજના જે યુવક/યુવતીઓએ આ પસંદગી મેળામાં ભાગ લેવા માટે સંસ્થાના નિયત નમુનાના ફોર્મ ભર્યા હોય તે ઈચ્છુકોએ નાણા ભર્યા અંગેની પહોંચ પ્લોટ નં. ૫૪૦/૨, સે-૭-બી ખાતેથી મેળવી લેવા જણાવાયુ છે. આ પહોંચના આધારે યુવક/યુવતીઓ સંસ્થાની વિગત દર્શાવતી ચોપડી મેળવી શકશે. આ પસંદગી મેળામાં ઈચ્છુકોને હાજર રહેવા દશરથલાલ પરમારે અનુરોધ કર્યો છે.

## આજે મનપા દ્વારા વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૪

વિશ્વ પર્યાવરણ દિવસ ૫ જુન ૨૦૧૬ના નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગ્રીન સીટી ગાંધીનગરના ભાગ રૂપે સરિતા ઉદ્યાન સેકટર-૯માં સવારે ૯.૦૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેયરશ્રી, કમિશ્નરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી, ધારાસભ્યશ્રીઓ, ચેરમેનશ્રી ગુડા તથા અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ૧૦૦ કરતા પણ વધારે રોપાનું પ્લાન્ટેશન કરવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેરમાં આવનારા દિવસોમાં ૫૦,૦૦૦થી પણ વધારે રોપાના પ્લાન્ટેશન કરવાનું આયોજન છે. જેની શરૂઆત તા. ૫ જુન ૨૦૧૬ના દિવસથી કરવામાં આવશે.

## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ દ્વારા સંગીત સંધ્યા 'તુમ્હે દેખતી હું' કાર્યક્રમ યોજાશે

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આગામી તા. ૯મી જૂનને ગુરૂવારના રોજ રાત્રે ૯.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે સંગીત સંધ્યા 'તુમ્હે દેખતી હું' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંગીત સંધ્યાના કાર્યક્રમમાં ગુજરાતના સુપ્રસિધ્ધ કલાકારો વોઈસ ઓફ લતાજી-ગાયત્રી રાવલ, વોઈસ ઓફ કિશોરકુમાર-શ્યામ ગઢવી વોઈસ ઓફ બેસ્ટ ન્યુ સોંગ-નિરવ ઠકકર પોતાના અવાજનો જાદુ પીરસશે. આ કાર્યક્રમમાં એન્કરીંગ મોહસીન શેખ કરશે તથા સંગીત સંદીપ ક્રિશ્ચિયન દ્વારા આપવામાં આવશે. સમાજના જે પરિવારોને સંગીત સંધ્યા કાર્યક્રમના પાસ ન મળે તેઓએ સેકટરના પ્રતિનિધિનો સંપર્ક સાધી પાસ મેળવી લેવા ભુપેન્દ્ર ગજજર અને જીલુભા ધાંધલ દ્વારા જણાવાયું છે.

## લુંટ-મર્ડરના ગુનાનો ૨૨ વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર રેન્જ આઈજીબી મનોજ શશીયરની સુચનાથી વોન્ટેડ આરોપીઓને પકડવા આર.આર. સેલ સક્રીય થયું છે ત્યારે પીએસઆઈ વિરલ પટેલ તથા તેમની ટીમે બે અલગ અલગ વોન્ટેડ આરોપીઓને વિવિધ સ્થળોએથી પકડી સંબંધીત પોલીસને સોંપ્યા છે. કડીનાં રાજપુર ગામેથી બે આરોપીઓને પકડયા હતા. આણંદ રૂરલ પોલીસ સ્ટેશનના ગુનામાં વર્ષ ૧૯૯૪થી એટલે કે ૨૨ વર્ષથી વોન્ટેડ આરોપી રસુલ છોટુ ડફેરને પકડી પાડવામાં આવ્યો છે. તેણે ૧૩ વર્ષ પહેલા વડોદાર શહેર વિસ્તારમાં મર્ડર પણ કર્યુ હતું. તે ઉપરાંત કાસંબા પોલીસ સ્ટેશનના લુંટના ગુનામાં ૧૪ વર્ષથી વોન્ટેડ દરીયા કાલુ ડફેરને પણ પકડી પાડવામાં આવ્યો છે.

# આજે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાશે

**વન્ય પ્રાણીઓના ગેરકાયદે વેપાર સામે ઝુંબેશ : સરકારના પ્રયાસોથી સિંહ, રીંછ જેવા પ્રાણીની વસ્તીમાં ઉલ્લેખનીય વધારો : વનીકરણ વધુ ઝડપી બને તે જરૂરી**

ગાંધીનગર, તા.૪

વિશ્વભરમાં વધતી વસતી અને ઔધોગિકરણના કારણે ઉભી થતી પર્યાવરણીય સમસ્યાઓ અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં થતાં ઘટાડાથી ઉભી થતી ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જની વિપરીત અસરોથી સમગ્ર વિશ્વ આજે ચિંતિત છે. પૃથ્વી ઉપર એકધારા વધી રહેલા તાપમાનના કારણે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો આજે અનુભવી રહ્યું છે. તાજેતરમાં આપણે અતિ તીવ્ર તાપમાનનો અનુભવ કર્યો અને રાજ્યના ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો ઉંચે જતાં હવામાન વિભાગ દ્વારા રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું. લોકોમાં પર્યાવરણ સંરક્ષણ અને પ્રકૃતિની જાળવણી પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવાય અને વિશ્વ વ્યાપી જાગૃતિ આવે તે હેતુસર સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુએનઓ)ના યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ હેઠળ સમગ્ર વિશ્વમાં સને ૧૯૭૨થી દર વર્ષે પાંચમી જૂનના દિવસને પર્યાવરણ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

દર વર્ષ જુદી જુદી થીમ આધારિત આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ચાલુ વર્ષે વન્યપ્રાણીના ગેરકાયદેસર વ્યાપાર સામે વિશ્વવ્યાપી લોક ઝુંબેશ અંગેની થીમ આધારે પર્યાવરણ દિનની ઉજવણી કરાશે. આજે સમગ્ર વિશ્વ વન્યપ્રાણીઓ તેમજ તેના અંગોના વ્યાપારથી ચિંતિત છે. વિવિધ ઔષિધિઓ, સૌંદર્ય પ્રસાધનો, તાંત્રિક વિધિઓ, માન્યતાઓ, મોજશોખ અને મોટપ દેખાડવા માટે વિશ્વમાં આ પ્રવૃત્તિ ચાલી રહી છે.

સમગ્રી જીવ સૃષ્ટિનું રક્ષણ થાય અને દરેક પ્રાણીઓ, જીવજંતુઓ વગેરેને જીવવાનો સમાન અધિકાર પ્રાપ્ત થાય તે અત્યંત જરૂરી છે અને નાના સૂક્ષ્મ જંતુઓથી માંડીને મોટા સસ્તન પ્રાણીઓનું પૃથ્વી ઉપર સહ અસ્તિત્વ હશે તો જ જીવન સાંકળ જળવાઈ રહેશે. તેમાંથી એક મણકો છુટો પડે કે કોઇ ચૂક થયેથી વિશ્વમાં પર્યાવરણીય અસમતુલા ઉભી થાય છે. રાજ્યના પ્રજાજનોનીં તમામ જીવસૃષ્ટિ પ્રત્યેની સંવેદના અને જાગૃતિ થકી રાજ્યમાં આવી પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ છે. આપણી કુદરતી અને નૈસર્ગીક સંપત્તિનો ઉપયોગ વર્તમાન અને ભાવિ પેઢી વચ્ચે આપણી કુદરતી અને ન્યાયિક સંપત્તિને એક મૂડીરૂપે જોઇએ અને તેનો લાભ આવનારી પેઢીને પણ મેળવો જરૂરી છે. આ માટે આપણા પર્યાવરણને સ્વચ્છ રાખવા માટે વૃક્ષ અને વન્ય જીવસૃષ્ટિની જાળવણી અને જતન અતિ મહત્વનું છે.

# બજારમાં ગણવેશની ખરીદી માટે ભારે ભીડ

ગાંધીનગર, તા.૪

છેલ્લા દોઢેક મહિનાથી વેકેશનનો માહોલ ચાલતો હતો. વિદ્યાર્થીઓ પણ અભ્યાસુ વૃતિ-પ્રવૃતિથી દુર હળવાશના મુડમાં રમતના મેદાનમાં જોવા મળતા હતા. સોમવારથી નવું શૈક્ષણિક સત્ર શરુ થવાનું છે ત્યારે શાળાના પગથીએ ડગ માંડવા વિદ્યાર્થી સજ્જ થઈ રહ્યા છે. બજારમાં નવા દફતર કંપાસ, વોટરબેગની સાથે સાથે ગણવેશની ખરીદી માટે વાલીઓની ભારે ભીડ જોવા મળી રહી છે.ચલે સ્કુલ ચલે હમના અભિગમ સાથે સોમવારથી વિદ્યાર્થીઓ શાળાના ગણવેશમાં સજજ થયેલા જોવા મળશે. જો કે ગણવેશના ભાવમાં કોઈ વધારો નથી બજારમાં રૂ. ૨૦૦ થી ૭૦૦ સુધીમાં વિદ્યાર્થી ભાઈ-બહેનના ગણવેશનું વેચાણ થાય છે.

ગાંધીનગર શહેરમાં શાળાઓ શરુ થવાને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે શહેરના બજારોમાં વિવિધ સ્કુલના રંગબેરંગી ગણવેશ ખરીદવા વાલીઓ અને બાળકોની ભારે ભીડ બજારમાં જોવા મળે છે. શહેરના બજારોમાં દરવર્ષે ગણવેશનો વેપાર કરતા વેપારીઓને ત્યાં નગરની મોટાભાગની તમામ શાળાઓના ગણવેશ હાજર સ્ટોકમાં છે. જેથી વાલીઓને પોતાના બાળકો અલગ અલગ શાળામાં અભ્યાસ કરતા હોય તો પણ એક જ દુકાનથી ગણવેશ સરળતાથી મળી શકે છે. અત્યારે હાલ બજારમાં નાના બાળકોનો ગણવેશ રૂ.૨૫૦ થી ૩૫૦ માં મળે છે. જયારે મોટા વિદ્યાર્થીનો ગણવેશ શર્ટ અને પેન્ટ કોઈપણ શાળાનો હોય તો પણ માત્રને માત્ર રૂ. ૩૭૫ થી ૭૦૦ સુધીમાં મળે છે. વિદ્યાર્થી બહેનોનો ગણવેશ ફ્રોક અને સ્કર્ટ રૂ. ૨૦૦ થી ૨૫૦ સુધીમાં બજારમાં ઉપ્લબ્ધ છે. જયારે કેટલીક ખાનગી શાળામાં ટાઈ હોવાથી ગણવેશમાં ટાઈ અલગથી રૂ.૪૦ ની ખરીદી કરવી પડે છે. જયારે તેવી જ રીતે કોટ સાથેના ગણવેશનો ભાવ પણ શાળા પ્રમાણે અલગ છે. અત્યારે હાલ બજારમાં ૪૦ ટકા વેચાણ વિદ્યાર્થીઓના ગણવેશનું તેમજ ૬૦ ટકા વેચાણ વિદ્યાર્થીઓના ડ્રેસનું થવા પામ્યું છે. વેપારીઓના મત મુજબ બે દિવસથી ગણવેશનો વેપાર શહેરના બજારમાં શરુ થયો છે તેમજ આગામી ૧૦ દિવસ વેપાર યથાવત રહેશે. ગાંધીનગર શહેર વિદ્યાધામ તરીકે જાણીતું અઢળક શાળાઓ આવેલી હોવાથી તેમજ લાખો વિદ્યાર્થી ભણતા હોવાથી ૧૫ દિવસમાં કરોડો રુપીયાનો વેપાર થશે. જયારે બજારમાં કેટલીક દુકાનોમાં વેપારીઓ ગણવેશની સાથે વોટરબેગ, લંચબોકસ, કંપાસ, સ્કુલબેગ તેમજ શુઝ પણ રાખે છે. જેથી વાલીઓને બાળકોને લઈને એક યા બીજી દુકાને કાળઝાળ ગરમીમાં જવુ ના પડે .શાળા શરુ થવાને ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે બાળકોની શાળાના ગણવેશ ખરીદવા વાલીઓથી બજાર ઉભરાઈ રહ્યું છે.





ગાંધીનગર શહેરમાં આવેલી તમામ શાળાના ગણવેશ કરતા નાના બાળકોના ગણવેશ વાલીઓને મોંઘા પડે છે કારણ કે શહેરમાં નાના બાળકોને અભ્યાસ કરાવતી સંસ્થાઓ પ્લેગ્રુપ, નર્સરી, જુ.કેજી, સિ.કેજી માં અભ્યાસ કરતા બાળકોને જે તે સંસ્થા તરફથી ડ્રેસ આપવામાં આવે છે. નાના બાળકોને આપવામાં આવતો બે જોડી ડ્રેસના સંસ્થાના સંચાલકો વાલીઓ પાસેથી રૂ.૧૩૦૦ થી ૧૮૦૦ પડાવી રહ્યા છે.

## શ્રમિકોનું રજીસ્ટર નિભાવણી ન કરતા કોન્ટ્રાકટર સામે ગુનો દાખલ

**બકેરી ગ્રુપના સુઘડ ફાર્મમાં પર પ્રાંતિય મજુર મળી આવતા એલસીબીએ તપાસ કરી**

ગાંધીનગર, તા.૪

અડાલજ નજીક ઈ.ડી.આઈ. કેમ્પસમાં થયેલી ઘરફોડ ચોરીને પગલે ગાંધીનગર એલસીબીની ટીમે આસપાસના વિસ્તારમાં ચાલતી કન્સ્ટ્રકશન સાઈટ પર ચેકીંગ હાથ ધર્યા હતા. બહારથી એટલે કે પર પ્રાંતથી આવેલા મજુરોની પુછપરછ દરમિયાન ઈડીઆઈ કેમ્પસની દિવાલને અડીને આવેલા બકેરી ગ્રુપના સુઘડ ફાર્મમાં પર પ્રાંતિય મજુરો મળી આવ્યા હતા. તેમના કોન્ટ્રાકટર રાજુભાઈ પ્રેમવલ્લભભાઈ પુરોહીતે (રહે. જુના કોબા) મજુરોની હાજરી બાબતે કોઈ નોંધ ન કરાવી હોવાનું ધ્યાને આવતા તેની સામે જિલ્લા કલેકટરના જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી એલસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કાન્તાબેન કેશવલાલ, ઉ.વ. ૭૯
- સ્વ. રબારી ભીખીબેન વરવાભાઈ, ઉ.વ. ૫૬
- સ્વ. ઠાકોર ઈશ્વરજી શીવાજી, ઉ.વ. ૬૨
- સ્વ. લીલાબા નટવરસિંહ વાઘેલા, ઉ.વ. ૬૪
- સ્વ. પટેલ સંતોકબેન શકરાભાઈ, ઉ.વ. ૮૦